Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૪૭૮૮ તા.૧૭/૦૪/૨૦૨૫

**પરિપત્ર-૩૬૯૯**

વિષય : નર્સિંગ અભ્યાસક્રમની પરીક્ષાનાં પ્રશ્નપત્રો QPDS પધ્ધતિથી મોકલવા બાબત

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, એક્ઝામ રીફોર્મ્સ અંતર્ગત તા.૨૬/૦૪/૨૦૨૫ થી શરુ થતી નર્સિંગ અભ્યાસક્રમની વિવિધ પરીક્ષાનાં પ્રશ્નપત્રો સંબંધિત પરીક્ષા કેન્દ્રોને ફીઝીકલ કોપીના સ્થાને QPDS (Question Paper Delivery System) પધ્ધતિ થી મોકલવામાં આવશે. જે માટેનો પાસવર્ડ પેપર DOWNLOAD વખતે પરીક્ષા કેન્દ્રના આચાર્યનાં REGISTERED MOBILE NUMBAR / COLLEGE E-MAIL પર મોકલી આપવામાં આવશે. જે માટે પરીક્ષા કેન્દ્રોને નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- પરીક્ષા કેન્દ્રોને પરીક્ષા શરુ થવાની ૩૦ મીનીટ પહેલા યુનિવર્સિટી દ્વારા QPDS પધ્ધતિ દ્વારા પ્રશ્નપત્ર મોકલવામાં આવશે. જે ધ્યાને લઇ આવશ્યક સ્પીડ અનુસારના પ્રિન્ટર, ઈન્ટરનેટ, સ્ટેશનરી અને વીજળી ની વ્યવસ્થા અગાઉથી કરી લેવી જેથી પરીક્ષા સમયે અવ્યવસ્થા ન થાય.
- પ્રિન્ટર, ઈન્ટરનેટ, વીજળી........વગેરેમાં વિક્ષેભ આવેતો તેના વિકલ્પે અન્ય વૈકલ્પિક વ્યવસ્થાનું આયોજન અચકૂપણે અગાઉ થી જ કરવાનું રહેશે તેમજ સ્ટેશનરીનો સ્ટોક રાખવાનો રેહેશે.
- પરીક્ષા કેન્દ્રોએ પ્રશ્નપત્રને ડાઉનલોડ અને પ્રિન્ટ કરવા માટે CCTV ની સુવિધા ધરાવતા એક સ્ટ્રોંગ રૂમની વ્યવસ્થા કરવાની રહેશે. પરીક્ષાર્થીઓની સંખ્યા મુજબના પ્રશ્નપત્રો સારી સ્પીડ ધરાવતા પ્રિન્ટરનો ઉપયોગ કરીને સમયસર આચાર્યશ્રી/સીનીયર સુપરવાઈઝરશ્રી અને યુનિવર્સિટીમાંથી આવેલ ઓબ્ઝર્વરશ્રીની હાજરીમાં જ પ્રિન્ટ કરવાના રહેશે.
- સ્ટ્રોંગરૂમમાં આચાર્યશ્રી/સીનીયર સુપરવાઈઝરશ્રી, યુનિવર્સિટીમાંથી આવેલ ઓબ્ઝર્વરશ્રી અને એક ટેકનીક આસિસ્ટન્ટ સિવાય અન્ય કોઈને પ્રવેશ આપવો નહી. પ્રશ્નપત્રના પ્રિન્ટીંગ અને પેકિંગની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સ્ટ્રોંગરૂમ સીલ કરવાનો રહેશે.
- પ્રશ્નપત્રની જરૂરીયાત મુજબ પ્રિન્ટ લઇ તેના બ્લોક વાઈઝ સેટ બનાવીને કવરમાં પેક કરવાના અને સીલ કરવાના રહેશે. અને તે કવરને પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થીઓ સામે ખોલીને તેમાંથી નીર્ધારિંત સમયે પ્રશ્નપત્રો આપવાના રહેશે.

# Shri Govind Guru University

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

---

- QPDS મારફત ઈ-મેઈલમાં આવેલ પ્રશ્નપત્રને પાસવર્ડ દ્વારા ખોલવાથી લઈ પ્રિન્ટ સુધીની તમામ કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવાનું રહેશે તેમજ તેને સાચવીને રાખવાનું રહેશે, આ તમામ કાર્યવાહી CCTV અંતર્ગત અને યુનિવર્સિટી દ્વારા નીમવામાં આવેલ ઓબ્ઝર્વરની હાજરીમાં કરવાની રહેશે અને યુનિવર્સિટી દ્વારા માંગણી મુજબ CCTV રેકોર્ડીંગ રજુ કરવાનું રહેશે. આ તમામ રેકોર્ડીંગ ૬ મહિના સુધી સાચવવું ફરજીયાત છે.
- સમગ્ર કાર્યવાહી દરમિયાન પ્રશ્નપત્રની ગોપનીયતા અચૂકપણે જાળવવાની રહેશે.
- QPDS દ્વારા પ્રશ્નપત્રની પ્રિન્ટઆઉટથી લઇ પરીક્ષાર્થીને પ્રશ્નપત્ર આપવાં સુધીના સમયગાળામા પરીક્ષા કેન્દ્ર ના આચાર્યશ્રીએ/સીનીયર સુપરવાઈઝશ્રીએ QPDS પ્રશ્નપત્રના ઈ-મેઈલ પાસવર્ડની ગોપનીયતા અચૂકપણે જાળવવાની રહેશે.

સંબંધિત પરીક્ષા કેન્દ્રોના આચર્યશ્રીઓને ઉપરોક્ત સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. જે બાબતની નોંધ લેવા અને તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.